# ઐતિહાસિક પ્રવાસન ધામઃ તરણેત્તર

## વિનોદ બી. મુંજપરા

**(M.A., GSLET, Ph.D. Student BAOU, Ahmedabad)**

**(૧) ભૌગોલિક સ્થાનઃ-**

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાનગઢથી લગભગ ૮ કિ.મી. દુર તરણેત્તર નામનું ઐતિહાસિક પ્રવાસનધામ આવેલું છે. જે સુરેન્દ્રનગર શહેરના મુખ્ય મથકેથી અંદાજીત ૯૫ કિ.મી. ના અંતરે આવેલું છે. અને અમદાવાદથી ૨૦૦ કિ.મી. દુર છે. નજીકનું વિમાની મથક રાજકોટ ૭૫ કિ.મી. દુર છે. અહીં પહોંચવા માટે અમદાવાદ-હાપા બ્રોડગેજ રેલ્વે લાઇન થાનગઢ સ્ટેશન ૮ કિ.મી. દુર છે. અહીં પહોંચવા માટે ગુજરાતભરમાંથી એસ.ટી.ની બસો નિયમિત મળે છે.

**(૨) સમયાંકનઃ-**

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ત્રિનેત્રેશ્વર મંદિર સૌરાષ્ટ્રનું પ્રાચીન મંદિર છે. આ મંદિરના નિર્માણ અંગે વિવિધ મતમતાંતરો છે. હાલ તો નવું મંદિર ઉભું છે પણ તરણેત્તરના અસલ મંદિરના ૧૮૯૦માં બઝૈસે લીધેલ ફોટા 'સોમનાથ એન્ડ અધર મીડીવલ ટેમ્પલ્સ ઓફ કાઠિયાવાડ' માં કઝીન્સે પ્રસિધ્ધ કરેલ છે. આના આધારે તે અગિયારમી સદીનું હોવાનું મનાય છે. પરંતુ પ્રસિધ્ધ મંદિર સ્થાપત્યવિદ્ શ્રી મધુસુદન ઢાંકી આને ઇ.સ.૯૨૫ નું કહે છે. આમ તે ૧૦-૧૧મી સદીનું ગુર્જર-પ્રતિહાર શૈલીનું ગણી શકાય. આથી સંભવતઃ રાજાઓના હાથે આ મંદિરની સ્થાપના થઇ હોય કારણ કે પ્રતિહાર રાજાઓનો પગપેસારો સૌરાષ્ટ્રમાં ઇ.સ. આઠમી સદીથી જોઇ શકાય છે. પુરાતત્વવિદ નરોતમ પલાણ આ મંદિરને દસમી સદીનું માને છે.

**(૩) ત્રિનેત્રેશ્વર મંદિરનો જીર્ણોધ્ધારઃ-**

તરણેત્તર ત્રિનેત્રેશ્વર મહાદેવના આ વર્તમાન મંદિરનો જીર્ણોધ્ધાર સં.૧૯૫૮ના શ્રાવણ સુદી પાંચમને શુક્રવાર તા.૮-૮-૧૯૦૨ ના રોજ સ્વસ્થાન લખતર રાજ્ય સ્થાપક મહારાજા અભયરાજશ્રીની અગિયારમી પેઢીએ રાજ્યકર્તા ઝાલા કુલભુષણ મહારાજશ્રી કરણસિંહજીએ રૂપિયા પચાસ હજારના ખર્ચે પોતાની કુંવરી કરણબાની યાદમાં કરાવ્યો હતો.

**(૪) ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરઃ-**

ત્રિનેત્રેશ્વર મહાદેવ અંગેની લોકકથા પ્રમાણે ભગવાન વિષ્ણુને શિવલીંગ ઉપર ૧૦૮ કમળ પુષ્પ ચડાવી પૂજા કરીને જમવાનો નિયમ હતો. ભગવાન વિષ્ણુને ભક્તિનું અભિમાન આવતા એક દિવસ ૧૦૮ પુષ્પોમાંથી શિવજીએ એક પુષ્પ અદ્રશ્ય કરી દીધું તેથી વિષ્ણુ મુંજાણા અને પોતાની જમણી આંખ શિવલીંગની ઉપર ચડાવી દીધી ત્યારે લીંગમાંથી ભોળાનાથ પ્રગટ થયા અને તે નેત્ર લઇને પોતાના કપાળે લગાવી દીધું ત્યારથી તેઓ ત્રિનેત્રેશ્વર મહાદેવના નામથી ઓળખાય છે.

અહીં મંદિર સામે તુલસીનો ક્યારો આવેલો છે. જ્યાં અર્જુને દ્વાપરયુગમાં મત્સ્યવેધ કર્યો હોવાનું મનાય છે.

આ મંદિર પૂર્વાભિમુખ છે. પ્રવેશદ્વારમાં દેવી અને દેવતાઓની મુર્તિઓ કંડારેલ જેવા મળે છે. પ્રથમ હરોળમાં ગણપતિ અને બીજી હરોળમાં કુબેર, વિષ્ણુ, હનુમાનની મુર્તિઓ છે. આ મંદિરમાં બે સ્તરો આવેલા છે. ભૌમિતીક આકારના ઉપરના નાના ગવાક્ષમાં દેવી દેવતાઓની મુર્તિઓ આવેલ છે. જેમાં વિવિધ માનવમુર્તિ એક મસ્તક અને પાંચ ધડવાળી કંડારેલ છે જે અદભુત લાગે છે.

રંગમંડપની વચ્ચે ફૂલવેલ કોતરણી ભૌમિતીક આકારો સાથે નૃત્યાંગનાઓ કોતરેલ જોવા મળે છે. સ્તંભો પરના પાટડા પર નાના ગવાક્ષોમાં દેવી-દેવતાઓની મુર્તિઓ કંડારેલ છે તેમજ ફૂલવેલની કોતરણી પણ જોવા મળે છે.

સભામંડપ બે સ્તર પર આડા પાટડા મુકેલ છે. જેમાં ઘુમ્મટ રંગ મંડપ જેવી જ કોતરણી કરેલ છે જેમાં એક આરસનો છે તો બીજો પથ્થરનો જોવા મળે છે.

ગર્ભગૃહમાં પ્રાચીન શિવલીંગ છે. તેની બાજુમાં બીજુ સ્થાપિત શિવલીંગ પણ આવેલું છે. એક જ શિવમંદિરમાં બે શિવલીંગ અહીં જોવા મળે છે. સામે ગવાક્ષમાં પાર્વતીની મૂર્તિ ડાબી બાજુ ગંગાજીની મુર્તિ અને જમણીબાજુનું ગવાક્ષ ખાલી જોવા મળે છે.

દક્ષિણ દિશામાં આ મંદિરમાં ગણપતિની મુર્તિ આવેલી છે જેની વિશેષતા એ છે કે ગણપતિ સાથે લાભ-શુભ પણ પુજાય છે. સામાન્ય રીતે મંદિરોમાં ગણપતિની મુર્તિ સાથે રિધ્ધી-સિધ્ધી પુજાતા જોવા મળે છે.

ઉત્તર દિશામાં આ મંદિરમાં હનુમાનજીની મુર્તિ આવેલ છે. આ મુર્તિની વિશેષતા એ છે કે તેનું મુખ ખુલેલુ જોવા મળે છે. સામાન્ય રીત કોઇ પણ મંદિરમાં ખુલેલા મુખવાળા હનુમાનજી ભાગ્યે જ જોવા મળતા હોય છે.

મંદિરની બહાર ઉત્તર દિશાએ પાપ-પુણ્યની બારી આવેલી જોવા મળે છે. આ પાપ-પુણ્યની બારીમાંથી પસાર થવાથી વ્યક્તિના જીવનના કુલ પાપના ૨૫% પાપ નાશ પામતા હોવાની લોકમાન્યતા પણ અહીં જોવા મળે છે. પાપ-પુણ્યની બારી જેમાં ઉત્તર-દક્ષિણ ગવાક્ષમાં ખંડિત શિલ્પ જોવા મળે છે. અને ભૌમિતિક આકૃતિઓ પણ છે.

મંદિરના શિખર પર સિંહનું મોટું શિલ્પ જોવા મળે છે. આ મંદિરના પુજારી પ્રકાશગીરીના જણાવ્યા પ્રમાણે મંદિરના દરવાજા ક્યારેય બંધ થતા નથી.

**(૫) ત્રિદેવ કુંડની ઐતિહાસિકતાઃ-**

ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના નિર્માણ અંગે અનેક લોકવાયકાઓ પ્રચલિત છે. પરંતુ આ મંદિર ચૌદમી સદીની સોમપુરાની કલાત્મક રચના છે. તેની સામે ત્રણ જળકુંડ આવેલા છે. જે

ત્રિદેવ કુંડના નામે ઓળખાય છે. બ્રહ્મકુંડ, વિષ્ણુકુંડ અને શિવકુંડ એમ ત્રણ આદ્યદેવોના નામ જોડાયેલા છે.

આ કુંડ વિશે આખ્યાવિકામાં કહેવાય છે કે કણાદઋષિ પાસે પારધી આવ્યો ઋષિના ચિંધ્યા પ્રમાણે તેણે પ્રાયશ્ચિત કરી કુંડમાં સ્નાન કર્યું અને તેના પાપનો નાશ થયો ત્યારથી આ સ્થળ પાપનાશક તરીકે ઓળખાય છે.

બીજી એક લોકવાયકા પ્રમાણે જોઇએ તો ઋષિ પાંચમના રોજ વહેલી સવારે ગંગામૈયા આ સ્થળને પાવન કરે છે તેથી આ કુંડમાં સ્નાન કરવાનું ઘણું પાવન ગણાય છે.

ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરે ભાદરવા સુદ પાંચમના દિવસે તરણેત્તરનો પ્રખ્યાત લોકમેળો ભરાય છે. ત્યારે હજારો શ્રધ્ધાળુઓ આ કુંડમાં સ્નાન કરી ધન્યતા અનુભવે છે. આ કુંડમાં પ્રેતબલી, પિતૃતર્પણ, કાલસર્પયોગ વગેરેની કારતક, ચૈત્ર અને ભાદરવા મહિનામાં વિધિઓ થાય છે.

આ કુંડનું પાણી વરસાદના પાણી દ્વારા ભરાય છે. કુંડની અંદાજીત ઉંડાઇ ૨૦ ફુટ જેટલી છે. આ પાણીને દર છ માસના સમયે પંપ દ્વારા બદલવામાં આવતું હોવાનું જાણવા મળેલ છે.

**(ક) તરણેત્તરના મેળાનું મહત્વઃ-**

સમગ્ર ભારતમાં જે મેળાઓ ભરાય છે તે મેળા મનુષ્યોએ કરેલા છે અને જે હાલમાં તરણેત્તરનો મેળો ભરાય છે તે સત્યયુગમાં દેવો અને ઋષિમુનીઓનો ભરાતો હોવાનું મનાય છે. જે કોઇ ચારધામની યાત્રા કરવા ગયા હોય તે તરણેત્તર ધામ ન આવે તો તેમની યાત્રા અધુરી ગણાય. તર-મા-તર તરણેત્તર ધામ આવે તો તરી જાય. ત્રિનેત્રેશ્વર મહાદેવ તરણેત્તરધામમાં ભાદરવા સુદ ચોથ-પાંચમ અને છઠનો લોક સાંસ્કૃતિક અને ધાર્મિક મેળાની શરૂઆત તો પાંચાળ ધરતીના અને પાળિયાદના ગાદીપતિ મહંતશ્રી ઉનડબાપુ જે ગેબીનાથની જગ્યામાં આખો શ્રાવણ મહિનો અનુષ્ઠાન કરવા આવતા અને અનુષ્ઠાન પુરા થતા તરણેત્તર ધામે ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરે બાવનગજની ધજા ચડાવતા તે પરંપરા હજુ પણ શરૂ છે. અહીંથી મેળાનો પ્રારંભ થાય છે.

પ્રતિવર્ષ આ તરણેત્તરના મેળામાં ગુજરાત, ગુજરાત બહારથી અને ભારત બહારથી પણ ઘણાં લોકો આ મેળો માણવા આવે છે. આ તરણેત્તરના મેળામાં સૌરાષ્ટ્રનું લોકજીવન ઉમટે છે અને વૈવિધ્યસભર લોક સંસ્કૃતિના દર્શન થાય છે.

સુરેન્દ્રનગર જિલ્લાના મનડાસર, સોનગઢ, દાધોલિયા, વીજળિયા ગામના કોળી ભાઈઓ, લીંબડી, સુરેન્દ્રનગર, વીજળિયા અને થાનગઢથી માલધારી રાસમંડળી, મયુરનગરની આયર રાસમંડળી ઉપરાંત લતી પર કે બાંટવાની મંડળીઓ વચ્ચે હરીફાઇ થાય છે. ઉપરાંત અશ્વદોડ, બળદગાડા સ્પર્ધા જેવી પ્રાચીન હરિફાઇઓ પણ અહીં થાય છે.

લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ આ મેળામાં જોઇ શકાય છે. કેટલાક લોકો આ મેળાને પતિની પસંદગીનો મેળો પણ કહે છે. અર્જુનના મત્સ્યવેધ બાદ દ્રૌપદીને અર્જુનના મિલનનો આ ઉત્સવ હોઇ જાણે દ્રૌપદીના સ્વયંવરનું નવું આધુનિક સ્વરૂપ આ મેળો છે.

આ મેળામાં એક અનોખી રંગત છે છટા છે લય છે. સુંદર ભરતભર્યા અંગરખા અને લાલચટક ફેંટા બાંધેલા જુવાનિયા અને આભલા ભરેલા રંગબેરંગી ઘેરદાર ઘાઘરા અને ઓઢણા સાથે ધુમતી સોરઠી યુવતીઓ આ મેળામાં રંગ છલકાવી દે છે. આખીને આખી રાત પાવાના સુરો ઢબુકતા ઢોલને તાલે દાંડિયા-રાસથી વાતાવરણ ભર્યું લાગે છે. ગાજતુ લાગે છે. મેળામાં સુંદર ભરત ભરેલી છત્રીઓ ઓઢી વરણાગિયાઓ અને સ્ત્રીઓ ધુમતા હોય છે. આ છત્રીઓ મેળાની વિશેષ્ટતા છે.

મેળાના દિવસોમાં મહાદેવના મંદિરની આસપાસ હાટડીઓનું એક નાનકડું કામચલાઉ નગર સર્જેલું હોય છે. મેળા પરીસરમાં ચગડોળ અને બીજા મનોરંજનના માધ્યમો ઉલ્લાસની ઉજાણી કરવા હાજર હોય છે.

અહીં મેળાના દિવસો સિવાય રહેવા-જમવા માટેની કોઇ મોટી સારી વ્યવસ્થા જણાતી નથી પરંતુ મેળાના દિવસોમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વ્યવસ્થા થાય છે. આ મેળામાં સાતથી આઠ લાખ લોકો મેળાનો આનંદ માણતા હોવાનું જાણવા મળે છે.

તરણેત્તરનું ત્રિનેત્રેશ્વર મંદિર ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્વના સ્થળો અને અવશેષોના કાયદા અંતર્ગત રક્ષિત છે.

**સંદર્ભઃ-**

(૧) ઠાકર મીનાક્ષી, 'તીર્થભૂમિ ગુજરાત', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૦.

(૨) સાવલિયા રામજી, ધર્મકલા અને સંસ્કૃતિના પરિપેક્ષ્યમાં 'ગુજરાતના પ્રાચીન સરોવર તળાવો અને કુંડો', યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૦.

(૩) પી.જી.કોરાટ અને મહેબુબ દેસાઇ, 'ઇતિહાસમાં પ્રવાસન વિનિયોગ' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૪.

(૪) શાહ પ્રાયબાળા, 'ત્રિનેત્રેશ્વર મહાદેવ મદિર' પથિક અંક ૧,૨,૩ ઓક્ટો,નવ, ડિસે. ૧૯૯૯.

(૫) આશર એ.એસ અને મનસુખ સ્વામી, 'લોક સંસ્કૃતિનો તરણેત્તરનો મેળો' પથિક અંક-૧૨ સપ્ટે. ૧૯૮૪.

(૬) સમય સાપ્તાહિક અંક-૪૨ વર્ષ-૫૦ ૨ સપ્ટે. ૨૦૦૦.

(૭) વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૨.

(૮) ઓઝા દિગંત, 'ગૌરવભૂમિ ગુજરાત', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૩.

(૯) વ્યાસ હસમુખ, 'સૌરાષ્ટ્ર સંસ્કૃતિ કોશ' પ્રવીણ પબ્લિકેશન, રાજકોટ, ૨૦૧૦.

(૧૦) ગોસ્વામી પ્રકાશગીરી ભરતગીરીની રૂબરૂ મુલાકાત તા.૨૧-૧૨-૨૦૧૪ વિનોદ મુંજપરા દ્વારા.